આમોદ તાલુકાના આછોદ ગામે બે સગા ભાઈઓને વીજ કરંટ લાગ્યો

# વીજ કરંટથી ચોટી ગયેલા નાના ભાઈને બચાવવા જતા મોટાભાઈએ જીવ ગુમાવ્યો

**આમોદ** પોલીસે ફરિયાદના આધારે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી

મૃતક ઠાકોરભાઈ રાઠોડ

ઈજાગ્રસ્ત વિજયભાઈ રાઠોડ

(પ્રતિનિધિ) આમોદ ભરૂચ, તા.31

આમોદ તાલુકાના આછોદ ગામે ગત રોજ બપોરના સમયે હૃદયદ્રાવક દુર્ઘટના બની હતી. જેમાં બે સગા ભાઈઓને વીજ કરંટ લાગતા મોટાભાઈનું ભાઈનું દુઃખદ અવસાન થયું હતું જ્યારે નાનો ભાઈ ઈજાગ્રસ્ત બન્યો હતો.

આમોદ તાલુકાના આછોદ ગામની નવીનગરીમાં રહેતા ઠાકોરભાઈ પ્રવિણભાઈ રાઠોડના ઘરે કપડા સુકવવા માટે લોખંડની એંગલ ઉપર તાર બાંધવામાં આવ્યો હતો.દુર્ભાગ્યવશ આ તાર પર અચાનક વીજ કરંટ આવી જતા વિજયભાઈ રાઠોડ જોરદાર કરંટ લાગ્યો હતો અને ચોંટી ગયા હતા.નાના ભાઈની ચીસાચીસ સાંભળી તેમના મોટાભાઈ ઠાકોરભાઈ રાઠોડ પણ ઘરમાંથી બહાર આવી નાનાભાઈ વિજયને બચાવવા પ્રયાસ કરતા પોતે પણ વીજ કરંટની ઝપેટમાં આવી ગયા હતા.સૌથી મોટાભાઈ મહેશભાઈએ સમજદારીપૂર્વક લાકડી વડે તારને સપાટો મારતાં તાર તૂટી ગયો અને બંને ભાઈઓ નીચે પટકાયા હતા. ત્યારે ઠાકોરભાઈ સ્થળ ઉપર બેભાન થઈ ગયા હતા. ત્યાર બાદ બંને ભાઈઓને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં પહોંચતા પહેલાં જ ઠાકોરભાઈ રાઠોડનું અવસાન થયું હતું.જ્યારે વિજયભાઈ રાઠોડને વીજ કરંટથી ઈજાઓ થતા સારવાર આપવામાં આવી હતી.આમોદ પોલીસે ઠાકોરભાઈનું પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ તેમના પરિવારજનોને પરત કરી મહેશ પ્રવિણ રાઠોડની ફરિયાદના આધારે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# હઝરત સૈયદ અઝીમુદ્દીન બાબાના 4 દિવસીય ઉર્સનો આજથી પ્રારંભ

**શરીઅતના** રહેબર હઝરત સૈયદ મોઈને મિલ્લતનો બીજો વાર્ષિક ઉર્સ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

સુફીવાદના પ્રચારક અને કોઈપણ જાતના ભેદભાવ વિના દરેક કોમના દીન દુખિયાની નિઃસ્વાર્થ આજીવન સેવા કરનાર બાબા અઝીમે મિલ્લત નામે વિખ્યાત સુફી હઝરત સૈયદ અઝીમુદ્દીન (રહે.)નો 38મો વાર્ષિક અને શરીઅતના રહેબર હઝરત સૈયદ મોઈને મિલ્લતનો બીજો વાર્ષિક ઉર્સ હોઈ ખાનકાહે એહલે સુન્નતના ઉપક્રમે ચાર દિવસીય ઉજવણીનું ભવ્ય આયોજન કરાયું છે.

ઉર્સના પહેલા દિવસે તા.1લીએ બપોરે 3 કલાકે અજબડી મીલ, યાકતુપુરાથી ભવ્ય જુલુસ સંદલ નીકળશે. જે મોડી સાંજે મેમણ કોલોની સ્થિત દરગાહ શરીફ પહંચશે. ત્યારબાદ સંદલ, ચાદરની પરંપરાગત વિધી થશે. તા.2 અને 3 એપ્રિલ ઉર્સના બીજા અને ત્રીજા દિવસે રાત્રે 10 કલાકે દરગાહ શરીફના પટાંગણમાં દેશ-વિદેશથી આવનાર મહેમાનોની અધ્યક્ષતામાં પ્રવચન તેમજ ખ્યાનામ શાયરો-સુફીવાદની કૃતિ રજૂ કરશે.

તા.4થીએ સવારે 10 કલાકે કુરઆન ખ્વાની તેમજ મહેફિલે મિલાદ થશે અને કાદરી વંશાવલીપઠન પછી બપોરે 1.30 કલાકે કુલ શરીફ, સલાતો સલામ અને ગાદીપતિ હઝરત અમુરીદ્દીનબાબાની કલ્યાણકારી દુઆઓ તેમજ કાદરી લંગર સાથે ચાર દિવસીય ઉજવણી સંપન્ન થશે.

ડિજિટલ યુગમાં સમાજશાસ્ત્રના નવા પરિપ્રેક્ષ્યો પર મંચ

# નવરચના યુનિ.માં સોશિયલ સાયન્સ અને ન્યૂ-એજ ઈકોસિસ્ટમ્સ પર પ્રથમ રાષ્ટ્રીય વિદ્યાર્થી સંમેલન યોજાયું

**દેશભરની** 10 યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ 40થી વધુ સંશોધન પેપર રજૂ કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.31

નવરચના યુનિવર્સિટીની સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝ એન્ડ એજ્યુકેશન દ્વારા "સોશિયલ સાયન્સિસના દ્રષ્ટિકોણથી ન્યૂ-એજ ઈકોસિસ્ટમ્સને પ્રતિસાદ" વિષય પર પ્રથમ રાષ્ટ્રીય વિદ્યાર્થી સંમેલનનું સફળ આયોજન કરવામાં આવ્યું. દેશભરની ૧૦ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અને સંશોધકોની હાજરીમાં ૪૦થી વધુ સંશોધન પેપર રજૂ થયા, જ્યારે લગભગ ૧૦૦ પ્રતિનિધિઓએ સંમેલનને શૈક્ષણિક ઉર્જા આપી.

મુખ્ય પ્રવચનમાં પ્રોફેસર સયંતન મંડલે કૃત્રિમ બુદ્ધિમત્તાના શિક્ષણ અને ઓળખ પર પડતા પ્રભાવ અંગે માર્ગદર્શન આપ્યું, જ્યારે પ્રોફેસર સચિન કેતકરે ડિજિટલ હ્યુમેનિટીઝના વિકાસ અને ટેકનોલોજી વચ્ચે માનવીય મૂલ્યોના મહત્વ પર પ્રકાશ પાડ્યો. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રોફેસર સંદીપ વસંતે જવાબદાર ટેકનોલોજી ઉપયોગ પર ભાર મૂક્યો.

સંમેલનમાં શિક્ષણ નવીનતા, મીડિયા અને ડિજિટલ સમાજ, AI અને માનવીય વર્તન તેમજ ડિજિટલ પર્યાવરણ અને માનસિક આરોગ્ય જેવા ચાર વિષયક્ષેત્રોમાં શ્રેષ્ઠ સંશોધન પેપરને એવોર્ડ આપવામાં આવ્યા. SLSEની ડીન પ્રોફેસર પ્રિયંકા બેહરાણીએ વિદ્યાર્થીઓને પરિવર્તનના સહભાગી તરીકે આગળ વધવા પ્રેરિત કર્યા.

હનુમાન જયંતી મહોત્સવની ઉજવણીમાં સર્જનાત્મકતાનો રંગ

# છાણી વિસ્તારમાં 50 વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે ભવ્ય ચિત્ર સ્પર્ધાનું આયોજન

**350થી** વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.31

હનુમાન જયંતી મહોત્સવ અને ૫૦ વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે છાણી વિસ્તારમાં જલારામ ચોપડા વિતરણ તરફથી ભવ્ય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાંથી અંતિમ તબક્કામાં ૨૫ વિદ્યાર્થીઓ પસંદ થયા હતા.

આ કાર્યક્રમ મંદિરના મહંત દિવકારદાસ તથા હાર્દિક શાહ, જયંતીભાઈ, ભરતભાઈ, વિજયભાઈ અને રાજુભાઈ સહિતની ટીમના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભા રજૂ કરી હતી.

અંતિમ પરિણામ મુજબ પ્રથમ ક્રમે પટેલ હેમ, દ્વિતીય ક્રમે મદોન દિવ્યાશી અને તૃતીય ક્રમે પટેલ પૂર્વ રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા અને તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ચૈત્રી પૂર્ણિમા નિમિત્તે ભવ્ય ધાર્મિક આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.31

ચૈત્રી પૂર્ણિમા અને હનુમાન જન્મોત્સવ નિમિત્તે મહીસાગર રેલવે ગરનાળા પાસે (ફાજલપુર) ભવ્ય ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સત્યનારાયણ ભગવાનની કથા, વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ તથા વિષ્ણુ મહાયજ્ઞનું આયોજન રહેશે. આ પ્રસંગ હનુમાનજીના જન્મોત્સવ સાથે ઉજવાશે.

ફતેગંજ બુદ્ધેશ્વર મહાદેવ મંદિરના બ્રહ્મલીન શ્રી પારસગીરી લાલપ્રસાદ મહારાજની પ્રેરણાથી તા. 2-4-2026 ગુરુવારે વહેલી સવારે 5 વાગ્યે કાર્યક્રમનો પ્રારંભ થશે. સવારે 8 થી 4 વાગ્યા સુધી સાર્વજનિક મહાભંડારો યોજાશે. તમામ ભાવિક-ભક્તોને મહાપ્રસાદ ગ્રહણ કરવા હાર્દિક આમંત્રણ છે. આ પવિત્ર અવસરે સૌએ પરિવાર સાથે ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લેવા સેવક ભૂપેન્દ્રભાઈ મિસ્ત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

વડીલોને મળી અભિવ્યક્તિની નવી દિશા

# 'જીવન રંગમંચ' નાટ્ય કાર્યશાળામાં 50થી 88 વર્ષની વયના વડીલોનો ઉત્સાહ છલકાયો

**ત્રિવેણી** અને યોગનિકેતનનો સંયુક્ત ઉપક્રમ

**નિવૃત્તિ** પછીની એકલતાને સર્જનાત્મક અભિવ્યક્તિથી પડકાર

(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરની નાટ્ય સંસ્થા ત્રિવેણી અને યોગનિકેતનના સંયુક્ત ઉપક્રમે ફતેહગંજ સ્થિત યોગનિકેતન ખાતે 'જીવન રંગમંચ' નામની વિશેષ નાટ્ય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૫૦થી ૮૮ વર્ષની વયના આશરે ૩૦ વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ત્રણ કલાક ચાલેલી આ કાર્યશાળામાં વડીલોને શારીરિક અભિવ્યક્તિ, અવાજ સંચાલન, સ્ટેજ પ્રેઝન્સ અને ઈમ્પ્રોવાઈઝેશન જેવી પ્રાયોગિક તાલીમ આપવામાં આવી.

કાર્યશાળાનું માર્ગદર્શન વરિષ્ઠ દિગ્દર્શક પી. એસ. ચારીએ આપ્યું હતું. તેમણે જણાવ્યું કે રંગમંચ માત્ર અભિનય નહીં પરંતુ આત્મઅભિવ્યક્તિનું શક્તિશાળી માધ્યમ છે. યુવા કલાકારો આકાશ દાતર, યશસ્વી પંડ્યા અને નિર્મલસિંહ રાણાએ પણ તાલીમમાં સહયોગ આપ્યો હતો.

સહભાગી વડીલોએ આ પહેલને આત્મવિશ્વાસ વધારતી અને એકલતા દૂર કરતી અનુભવ ગણાવ્યો. ત્રિવેણી સંસ્થાએ દાયકાઓથી વિવિધ વયજૂથ માટે નાટ્ય પ્રવૃત્તિઓ દ્વારા સાંસ્કૃતિક જોડાણ મજબૂત બનાવવાનો પ્રયાસ ચાલુ રાખ્યો છે. કાર્યક્રમના અંતે સહભાગીઓએ આવી પ્રવૃત્તિઓ સતત યોજાય તેવી આશા વ્યક્ત કરી હતી.

વલ્લભકુળ પરિવારમાં આનંદનો અવસર

# વડોદરા-સુરત ઘર પરિવારમાં 39 વર્ષ બાદ લાલનનું પ્રાગટ્ય

**ચૈત્ર સુદ** એકાદશીના પાવન દિવસે જન્મથી ધાર્મિક સમન્વયનો વિશેષ પ્રસંગ

**પ્રપિતામહના** પ્રાગટ્ય દિવસે જ ચોથી પેઢીમાં પ્રપૌત્રનો જન્મ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની ૧૯મી પેઢીમાં વડોદરા-સુરત ઘર પરિવારમાં ૩૯ વર્ષ બાદ લાલનનું પ્રાગટ્ય થતાં સમગ્ર વૈષ્ણવ સમાજમાં આનંદની લાગણી વ્યાપી છે. ચૈત્ર સુદ એકાદશી, તા. ૨૯ માર્ચ ૨૦૨૬ના પાવન દિવસે પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના ઘરે લાલનનો શુભ જન્મ થયો છે.

આ શુભ અવસર વિશેષ રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે એ જ દિવસે વાકપતિ પીઠાધીશ્વર પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રીનો પ્રાગટ્ય દિવસ પણ હોય, જેથી એક જ તિથિએ પ્રપિતામહના પ્રાગટ્ય દિવસે ચોથી પેઢીમાં પ્રપૌત્રનો જન્મ થવાનો દુર્લભ સંયોગ સર્જાયો છે. આ પ્રસંગને શ્રી બાલકૃષ્ણ પ્રભુ, શ્રી નાગદામનશ્રીનાથજી પ્રભુ, શ્રી ગિરિરાજજી પ્રભુ અને શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની વિશેષ કૃપા માનવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરતનલાલજી મહારાજશ્રીના પ્રપ્રપૌત્ર તરીકે પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી દ્રુમિલકુમારજી મહોદયશ્રીના આત્મજ સ્વરૂપે પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીનું પ્રાગટ્ય થતા વલ્લભકુળના આશરે ૫૦૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત પાંચ પેઢીઓ એકસાથે ભૂતળ પર બિરાજમાન થવાનો અનોખો પ્રસંગ સર્જાયો હતો. આ નવા પ્રાગટ્ય પ્રસંગે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને વધાઈ પાઠવવામાં આવી છે.

કરજણ તાલુકામાં દુઃખદ ઘટના

# માંગલેજ ગામે પિયર જવાની બાબતે મનદુઃખ થતાં 20 વર્ષીય પરિણીતાનો આપઘાત

**સાંજે** ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**કરજણ** પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) કરજણ તા.31

કરજણ, કરજણ તાલુકાના માંગલેજ ગામમાંથી એક કરુણ ઘટના સામે આવી છે, જેમાં પિયર જવાની બાબતે થયેલા મનદુઃખ બાદ ૨૦ વર્ષીય પરિણીતાએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માંગલેજ ગામની નવીનગરીમાં રહેતી પારુલબેન સતિષભાઈ રાઠોડિયાએ તા. ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ પોતાના પિયર જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ પતિ દ્વારા બીજા દિવસે જવાનું કહેવામાં આવતા મનદુઃખ થતાં તેમણે સાંજે આશરે ૪:૩૦ વાગ્યે પોતાના ઘરની પતરાની છતના લાકડાના મોભ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.

ઘટનાની જાણ થતાં જ કરજણ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કરજણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. પોસ્ટમોર્ટમ બે તબીબોની પેનલ દ્વારા મામલતદારની હાજરીમાં કરવામાં આવ્યું હતું. હાલ પોલીસ દ્વારા અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ દુઃખદ ઘટનાએ પરિવાર તેમજ ગામમાં વ્યાપક શોકની લાગણી ફેલાવી છે અને સમાજમાં સંબંધોની સંવેદનશીલતા તથા માનસિક આરોગ્યના મહત્વ અંગે ચર્ચા જગાવી છે.

નારી શક્તિના સન્માનનો અનોખો ઉપક્રમ

# વડોદરામાં 'માતૃશક્તિ વંદન અને કુંવારિકા પૂજન' કાર્યક્રમ બીજી એપ્રિલે યોજાશે

**રાજ્યમંત્રી** ડો. મનિષા વકીલના હસ્તે કાર્યક્રમનું ઉદ્ઘાટન

**શિક્ષિકા** બહેનો અને નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભારતીય સંસ્કૃતિમાં નારી શક્તિના મહિમાને ઉજાગર કરવા અને 'નારી તું નારાયણી'ના ભાવને જીવંત રાખવાના હેતુથી "માતૃશક્તિ વંદન અને કુંવારિકા પૂજન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૦૨-૦૪-૨૦૨૬, ગુરુવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે સુરસાગર સામે આવેલા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે યોજાશે.

કાર્યક્રમનું ઉદ્ઘાટન રાજ્યકક્ષાના મહિલા અને બાળકલ્યાણ મંત્રી ડો. મનિષા વકીલના હસ્તે કરવામાં આવશે. મુખ્ય વક્તા તરીકે સાહિત્યકાર અને એડવોકેટ વંદના શાંતિઈન્દુ પ્રાસંગિક ઉદ્બોધન આપશે, જ્યારે કાર્યક્રમની અધ્યક્ષતા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના મહિલા ઉપાધ્યક્ષ ગીતાબેન ખેમચંદાની કરશે.

આ પ્રસંગે અંજનાબેન ઠક્કર, પલ્લવીબેન પટેલ, ધારાબેન પંડ્યા, શોભાબેન રાવલ અને અલકાબેન ભટ્ટ સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પૂર્વે આમંત્રિત મહેમાનો માટે અલ્પાહારનું આયોજન પણ કરવામાં આવ્યું છે. તમામ શિક્ષિકા બહેનો અને નગરજનોને કાર્યક્રમમાં હાજરી આપવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પ્રવેશ પ્રક્રિયામાં વિવિધ શાખાઓમાં અંદાજે 358 જેટલી બેઠકો ઉપલબ્ધ

# M.E.-M.Tech.પ્રવેશ માટે GATE આધારિત ઓનલાઈન નોંધણી શરૂ

**નોંધણી** માટે gujacpc.admissions.nic.in- gujacpc.admissions.nic.in વેબસાઇટનો ઉપયોગ કરવો

(પ્રતિનિધિ) વડોદરા તા.31

પ્રવેશ વર્ષ 2026-27 માટે રાજ્યની નામાભિધિનીત સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં M.E./M.Tech. અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સોમવારથી શરૂ કરવામાં આવી છે.

રાજ્યની 6 પ્રાઈવેટ CoE યુનિવર્સિટીઓમાં 25 ટકા એસીપીસી બેઠકો પર માત્ર GATE પરીક્ષાના માન્ય (Qualifying) સ્કોરના આધારે પ્રવેશ આપવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારો 30 માર્ચથી 9 એપ્રિલ 2026 સુધી ઓનલાઈન નોંધણી કરી શકશે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન જ રહેશે. ઉમેદવારો પ્રવેશ પ્રક્રિયા, સંસ્થાઓ અને શાખાવાર ઉપલબ્ધ બેઠકો અંગેની વિગતવાર માહિતી સત્તાવાર વેબસાઈટ પરથી મેળવી શકશે. નોંધણી માટે gujacpc.admissions.nic.in- gujacpc.admissions.nic.in વેબસાઇટનો ઉપયોગ કરવો રહેશે. આ પ્રવેશ પ્રક્રિયામાં વિવિધ શાખાઓમાં અંદાજે 358 જેટલી બેઠકો ઉપલબ્ધ છે. B.E./B.Tech. પાસ થયેલા તેમજ હાલ અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા અને 2026માં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ પણ નિર્ધારિત લાયકાતો પૂર્ણ કરવાની શરતે અરજી કરી શકશે.

ઉમેદવારોને પ્રવેશ સંબંધિત નવીનતમ માહિતી માટે સમયાંતરે એડમીશન કમિટીની વેબસાઈટ જોતા રહેવું. ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી સંલગ્ન સરકારી, અનુદાનિત અને પ્રાઈવેટ સંસ્થાઓ તેમજ અન્ય પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં M.E./M.Tech. પ્રવેશ માટે PGCET/GATE આધારીત પ્રવેશ પ્રક્રિયા મે/જૂન 2026 દરમિયાન જાહેર થવાની શક્યતા છે. તેમાં GATE સ્કોર ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

પ્રદેશ નિરીક્ષકો ત્રણ દિવસ દાહોદના પ્રવાસે આવતા ચૂંટણીનો માહોલ ગરમાયો

# દાહોદ ખાતે ભાજપ કાર્યાલય પર ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોનો રાફડો ફાટ્યો

**જિલ્લા પંચાયત,** તાલુકા પંચાયત તથા દાહોદ જિલ્લાની નગર પાલિકા ઉમેદવારી કરનારા ઉમેદવારોનો ગુરુવારે પ્રદેશ નિરીક્ષકો રૂબરૂ સાંભળવા આવશે

(પ્રતિનિધિ) દાહોદ તા 31

આવનાર ચૂંટણી ના ભણકારા વાગતા ચૂંટણી લડવા માટે ભારે ઉત્સુક જોવા મળ્યા હતા તેવા સમયે આજરોજ દાહોદ ખાતે ભાજપ કાર્યાલય ઉપર ઉમેદવારી માટે રાફડો ફાટ્યો હતો.

દાહોદ ના પ્રદેશ નિરીક્ષકો ત્રણ દિવસ ના પ્રવાસે આવતા ચૂંટણી નો માહોલ ગરમાયો હોવાનું જોવાઈ રહ્યુ હતું સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી માટે ઉત્સુક ઉમેદવારો ને સાંભળ્યા હતા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે હાલ મા સોથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારો ની પસંદગીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીમા ઉમેદવારી કરવાં માટેના ઈછ્છુક ઉમેદવારો ને સાંભળવા દાહોદમાં કમલમ ખાતે નિરીક્ષકો ની બે ટીમ આવી હતી

દાહોદ કમલમ ખાતે તા 31 તા 1 તા 2 એપ્રિલ 2026 આમ ત્રણ દિવસ દરમ્યાન પ્રદેશમાંથી આવેલ ટીમ દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા દાહોદ જિલ્લાની નગર પાલિકા ઉમેદવારી કરનારા ઉમેદવારો નો તા 2 ના રોજ રૂબરૂ સાંભળવા આવશે

આજે તા 31 ને પ્રથમ દિવસે ફતેપુરા ,સુખસર , લીમડી ,સંજેલી અને દાહોદ તાલુકાના ચૂંટણી લડવા માટેના ઈચ્છુક ઉમેદવારો ને સાંભળ્યા હતા તથા આવતી કાલ બીજા દિવસે સિગવડ ,લીમખેડા ઝાલોદ અને ગરબાડા તાલુકાના ઉમેદવારો ને સંભાળવા મા આવશે

તા 2 એપ્રિલ ના દિવસે દાહોદ ,ઝાલોદ અને દે બારિયા નગર પાલિકા ના ઉમેદવારો ને નિરીક્ષકો સંભાળશે ઉમેદવારી કરનાર ઉમેદવારો પોતાના બાયોડેટ સાથે નિરીક્ષકો સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા

એક તરફ જાહેરાત કરવામાં આવે છે કે જુના અને પાર્ટી ના નાના કાર્યકરો જે કાયમ પાર્ટી ના કામો કરતા હોય છે પરંતુ તેમને ફક્ત ઉપયોગ કરવામાં આવે છે જેથી આ વખતે જુના કાર્યકરોને ચાન્સ આપવા અને કોઈ પણ જાતની કોઈની પણ ભલામણ નહીં ચાલે હાલ ચૂંટણી ને લઈ જે માહોલ સર્જાયો છે તે જોતા આવનાર ચૂંટણીમા ભારે રસાકસી જોવા મળશે.

# નવાબજાર સ્થિત શ્રી રોકડનાથ હનુમાન દાદાના મંદિરે જન્મોત્સવની ઉજવણી થશે

**111 સમૂહ** હોમાત્મક હનુમાન ચાલીસા પાઠ, 11 કિલોની માવા કેક અને ભવ્ય શોભાયાત્રાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા શહેરના હૃદય સમાન ગણાતા નવાબજાર વિસ્તારમાં આવેલા અતિ પ્રાચીન અને ચમત્કારી શ્રી રોકડનાથ હનુમાન દાદાના મંદિરે આ ગામી હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવાની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મોગલ સામ્રાજ્ય પૂર્વેના આ ઐતિહાસિક મંદિરમાં સ્વયંભૂ બિરાજમાન રોકડનાથ દાદાના દર્શન માટે દર વર્ષે હજારો ભક્તો ઉમટી પડતા હોય છે, ત્યારે આ વર્ષે પણ મંદિરના મહંત દ્વારા ભક્તિસભર કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

મંદિરના મહંત શ્રી પાર્થગિરિ ઘનશ્યામગિરિ ગોસ્વામીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, હનુમાન જન્મોત્સવના પાવન પર્વ નિમિત્તે તા. 1-4-2026, બુધવારની રાત્રિથી જ ધાર્મિક વિધિઓનો પ્રારંભ થઈ જશે. રાત્રે 10 કલાકે સમૂહ હોમાત્મક હનુમાન ચાલીસાના 111 પાઠ શરૂ કરવામાં આવશે, જે આખી રાત ચાલશે. ત્યારબાદ બીજા દિવસે એટલે કે તા. 2-4-2026, ગુરુવારના રોજ વહેલી સવારે 4 કલાકે દાદાની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવશે. આ પ્રસંગે ભક્તો દ્વારા દાદાને ડાયમંડ જડિત મુગટ અને તિલક વાઘાનો ભવ્ય શણગાર અર્પણ કરવામાં આવશે. સવારે 5 કલાકે મંગળા આરતી સાથે દાદાનો જન્મોત્સવ ઉજવાશે અને 11 કિલોની માવા કેકનો અન્નકૂટ ધરાવવામાં આવશે. સવારે 9 કલાકે રાજભોગ આરતી બાદ મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ મંદિરમાં હનુમાનજી તેમના પુત્ર મકરધ્વજ અને માતા અંજની સાથે ઈશાન ખૂણામાં આરામની મુદ્રામાં બિરાજમાન છે, જે ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે. મંદિરના પ્રાંગણમાં વિશાળ વટ અને પીપળના વૃક્ષની શીતળ છાયામાં બ્રહ્મલીન મહંત શ્રી માનગિરિની જીવંત સમાધિ આવેલી છે. આ સંકુલમાં કાળભૈરવ, સિંદૂરીયા ગણપતિ, શ્રીકૃષ્ણ, અંબાજી, સાઈનાથ અને જલારામબાપા સહિત અનેક દેવી-દેવતાઓના પણ સ્થાપન છે.

આરોગ્ય સેવાઓમાં મહત્વપૂર્ણ ઉમેરો

# સયાજીગંજ વિસ્તારમાં "જીવન જ્યોત બ્લડ સેન્ટર"નું ભવ્ય ઉદ્ઘાટન

**પૂજ્ય** ગુરુઓના પાવન હસ્તે રિબન કાપીને કેન્દ્રનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરના નાગરિકોને વધુ સશક્ત અને સમયસર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી સયાજીગંજ વિસ્તારમાં "જીવન જ્યોત બ્લડ સેન્ટર"નું રવિવારે ભવ્ય રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સનાતન ધર્મના પૂજ્ય ગુરુઓના પાવન હસ્તે રિબન કાપીને અને દીપ પ્રાગટ્ય સાથે પૂજાવિધિ યોજાઈ હતી.

આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કમલેશભાઈ પટેલ, ટ્રસ્ટી પુરાણી પ્રજ્ઞેશ, ડૉ. ઓમકાર, ચિરાગભાઈ પટેલ તેમજ હિમાંશુભાઈ વિઠલાણી ઉપસ્થિત રહ્યા હતા અને કેન્દ્રની સેવાઓ અંગે માહિતી આપી હતી.

"જીવન જ્યોત બ્લડ સેન્ટર" વડોદરા તેમજ આસપાસના વિસ્તારોના લોકો માટે ૨૪×૭ સતત સેવા આપવા પ્રતિબદ્ધ છે. સમયસર અને સુરક્ષિત બ્લડ સપ્લાય ઉપલબ્ધ કરાવી માનવજીવન બચાવવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવતું આ કેન્દ્ર શહેર માટે મહત્વપૂર્ણ આરોગ્ય સુવિધા તરીકે ઉપયોગી સાબિત થશે.